તા. ૨૮.૦૯.૨૦૨૪

દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.૦૧

આજકાલમાં જ સત્તાવાર જાહેરાત થઈ શકે છે

# ત્રીજા નોરતેથી મેટ્રો રાત્રે 2 સુધી દોડાવવામાં આવશે

**ભાસ્કર એક્સક્લુઝિવ**

વિશાલ પારાશર | અમદાવાદ

નવરાત્રિમાં મેટ્રો રાત્રે 2 સુધી ચાલુ રાખવામાં આવશે. મેટ્રોના સત્તાવાળા આ અંગેની જાહેરાત ટૂંક સમયમાં કરશે. ત્રીજી નવરાત્રિથી મેટ્રો રાત્રે 2 સુધી દોડાવવામાં આવશે. ગત વર્ષે પણ નવરાત્રિમાં રાત્રે 10 પછી મોડી રાત સુધી દર 20 મિનિટે મેટ્રો મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ હતી. ગત વર્ષે નવરાત્રિ દરમિયાન અંદાજે 5 લાખ લોકોએ મેટ્રોની સફર કરી હતી. શહેરના એક છેડેથી બીજા છેડે ગરબા રમવા જતાં લોકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે અને સલામત રીતે પાછા ફરી શકે તે માટે મેટ્રોની સમય મર્યાદા લંબાવીને રાત્રે 2 વાગ્યા સુધી કરવામાં આવશે.

## રાત્રે 12 સુધી જ ગરબાને મંજૂરી, પોલીસનું જાહેરનામું

નવરાત્રિના આયોજકો માટે પોલીસ કમિશનરે માર્ગદર્શિકા બહાર પાડી છે. જે મુજબ રાત્રે 12 વાગ્યા સુધી જ ગરબા રમી શકાશે. સોસાયટી, પાર્ટી પ્લોટ, ફ્લેટમાં 12 વાગ્યા પછી લાઉડ સ્પીકર વાગતા હશે તો આયોજક સામે કાર્યવાહી કરાશે. જ્યારે પાર્ટી પ્લોટ અને કલબમાં આયોજીત નવરાત્રી માટે સીસીટીવી કેમેરા તથા ફાયર સેફ્ટી માટેના નિયમો પણ આપવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે પરિપત્રમાં જણાવ્યું છેકે, જેતે પ્લોટ પરની તમામ લોકોની જવાબદારી સંચાલકોની રહેશે. તેમજ કાર્યક્રમના સ્થળે સીસીટીવી ફરજિયાત જોઈશે. જેમાં એન્ટ્રી અને એક્ઝિટના રસ્તા અલગ અલગ રાખવા પડશે.